કાયા હજી સાજી છે..
હાથમાં હજી બાજી છે.. ત્યાં
સુધી પરોપકાર કરવાની
તક હજી તાજી છે
- આચાર્ય ભાનુચંદ્રજી


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૩ | ૪ એપ્રિલ, ૨૦૧૪, શુક્રવાર; ચૈત્ર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

### ગૌતમબુદ્ધનગરના કોંગ્રેસના ઉમેદવાર ભાજપમાં જોડાયા

મતદાનના છ દિવસ પહેલા જ ગૌતમબુદ્ધનગરના કોંગ્રેસના ઉમેદવાર રમેશચન્દ્ર તોમરે કોંગ્રેસને મોટો ઝટકો આપ્યો છે. ચૂંટણીના એક અઠવાડિયા પહેલા જ કોંગ્રેસના ઉમેદવાર રમેશચંદ્ર તોમર ભાજપમાં જોડાઈ ગયા છે. કોંગ્રેસ માટે તો ઘરના ન ઘાટના જેવી સ્થિતિ સર્જાઈ છે. હવે આ બેઠક પર કોંગ્રેસ પોતાનો કોઈ ઉમેદવાર ઉભો નહી રાખી શકે.

### રાહુલ ગાંધી ૧૬મીએ અમેઠીથી ઉમેદવારી પત્ર ભરશે

કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ



ગાંધી ૧૬મીએ અમેઠીથી પોતાનુ ઉમેદવારી પત્રક ભરશે. હાલમાં રાહુલ ગાંધી અમેઠીથી સાંસદ છે અને સતત ત્રીજીવાર અહીંથી ચૂંટણીજંગમાં ઝંપલાવી રહ્યા છે. અન્ય કાર્યકરો સાથે બહેન પ્રિયંકા ગાંધી પણ આ અવસરે રાહુલ ગાંધી સાથે અમેઠી જશે.

### કેન્દ્રીય મંત્રી કે.એસ. રાવનું રાજીનામું


અલગ તેલંગાણા રાજય મામલે કેન્દ્રિય કાપડમંત્રી કે.એસ. રાવે આજે પોતાના પદ પરથી



રાજીનામું આપી દીધું છે. તેઓ કોંગ્રેસ છોડી રહ્યા હોવાની વાતો પણ વહેતી થઈ છે. આગામી દિવસોમાં તેઓ ભાજપમાં જોડાય તેવી શકયતાઓ પણ છે.

### વરુણના બચાવમાં ઉતર્યા માતા મેનકા ગાંધી


અમેઠીના વિકાસ બાબતે



વરુણ ગાંધીએ કરેલા બફાટ બાદ તેના બચાવમાં માતા મેનકા ગાંધી ઉતર્યા છે. તેઓએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે વરુણ ગાંધીએ માત્ર સાંભળેલી વાતો પર વિશ્વાસ કરી આવું કહ્યું છે. હું ઘણીવાર અમેઠી ગઈ છું પરંતુ અમેઠીનો જોઈએ તેટલો વિકાસ થયો નથી.

### અમેરિકામાં ૧૦૦થી વધુ સ્થળોએ 'ચાય પે ચર્ચા'

ભાજપના વડાપ્રધાન પદના



ઉમેદવાર નરેન્દ્ર મોદી માટે લોકસમર્થન મેળવવા માટે ઓવરીસીઝ ફ્રેન્ડસ ઓફ બીજેપી (ઓએફબીજેપી) અમેરિકામાં ૧૦૦થી વધુ સ્થળોએ 'ચાય પે ચર્ચા' કાર્યક્રમ આયોજીત કરશે. આ ઉપરાંત ભારતમાં સંભવિત મતદારોને પ્રભાવિત કરવા માટે ફોન પણ તેઓ કરી રહ્યા છે.


ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧


# ગાંધીનગર લોકસભા માટે ૪૮,૭૩૦ નવા મતદારો નોંધાશે

## ગાંધીનગર જિલ્લામાં ૨૨,૧૩૯ નવા મતદારો શોધાયા છે : ૧૦મી એપ્રિલ સુધીમાં મતદારોની અરજીઓ પર નિર્ણય લેવાઈ જશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં મતદાર યાદીની પ્રસિધ્ધિ બાદ ૩૦મી માર્ચ સુધી ચાલેલી મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમિયાન ૪૮,૭૩૦ નવા મતદારોએ નામ દાખલ કરવા માટેની અરજીઓ કરી છે.

ગાંધીનગરના ચૂંટણી અધિકારીવ જિલ્લા કલેકટર ડૉ. સ્વરૂપે જણાવ્યું હતું કે મળેલ આ અરજીઓની ચકાસણી અને એન્ટ્રીની કામગીરી હાલ ચાલી રહી છે અને તે ઝડપથી પૂર્ણ કરી દેવામાં આવશે. હાલ આ મતવિસ્તારમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૬,૮૫,૫૧૩ છે.

તેમણે જણાવ્યું હતું કે આ સંસદીય મતવિસ્તારમાં સૌથી વધુ અરજી ઘાટલોડિયા વિધાનસભા મતવિસ્તારમાંથી મળે છે જેની સંખ્યા ૧૨,૫૮૩ છે. જયારે સૌથી ઓછી અરજીઓ સાણંદ વિધાનસભા મતવિસ્તારમાંથી મળી છે જે ૩૨૭૭ છે. આ ઉપરાંત ગાંધીનગર (ઉ)માંથી ૪૮૨૭, કલોલમાંથી ૫૧૬૩, વેજલપુરમાંથી ૯૩૮૮, નારણપુરામાંથી ૬૦૩૪ અને સાબરમતીમાંથી ૭૪૪૮ અરજીઓ મળી છે.

ગાંધીનગર જિલ્લામાં આ ઝુંબેશ દરમિયાન ૨૨,૧૩૯ અરજીઓ મળી છે. જેમાં સૌથી વધારે અરજીઓ ગાંધીનગર (દ) મતવિસ્તારમાંથી છે જે સંખ્યા ૭૩૦૪ છે. જયારે સૌથી ઓછી અરજીઓ માણસા વિધાનસભા મતવિસ્તારમાંથી મળી છે જેની સંખ્યા ૨૦૮૯ છે. દહેગામમાંથી ૨૭૫૬, ગાંધીનગર (ઉ)માં ૪૮૨૭, કલોલમાં ૫૧૬૩ અરજીઓ મળી છે.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતવિસ્તારો ત્રણ સંસદીય મતવિસ્તાર સાથે સંકળાયેલા છે.

# ગાંધીનગર સંસદીય મતવિસ્તાર સફળ પ્રયોગશાળા પંચની છે

## પ્રથમવાર વી.વી. પેટનો ઉપયોગ ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં થશે : મતદાતાના મતની પુરેપુરી ગુપ્તતા જળવાશે : આ મશીનના ઉપયોગને લઈ દરેક બુથ પર એક વધારાના પોલિંગ ઓફિસરની નિયુકતી કરાશે : લોકોને પણ જાણકારી માટે વિશેષ નિદર્શન યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સંસદીય મત વિસ્તાર એ ચૂંટણી પંચની સફળ પ્રયાગોશાળા પુરવાર થયેલ છે. અગાઉ લોકસભા ચૂંટણીમાં પ્રથમવાર ઈ.વી.એમ.નો ઉપયોગ આ સંસદીય મતવિસ્તાર માટે કરાયો હતો. હવે પંચ દ્વારા વોટર વેરીફાયર પેપર ઓડિટ રિપોર્ટ (વીવીપેટ)નો ઉપયોગ પણ પ્રથમવાર ગાંધીનગરમાં થઈ રહ્યો છે.

ગાંધીનગર સંસદીય મત વિસ્તારના ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર ડૉ. પી. સ્વરૂપે આજે પત્રકારોને જણાવ્યું હતું કે વીવીપેટ એ ઈ.વી.એમ. જેટલું જ મહત્વનું સાધન છે. આ મશીન પર રાખવામાં આવેલા સ્કીન પર મતદાર તેણે આપેલ વોટને ૮ સેકન્ડ સુધી જોઈ શકશે. આ મશીન ત્રણ પાર્ટમાં વહેંચાયેલું રહેશે. આ મશીનનું વજન ૮ કિલો જેટલું છે. આ મશીનના ઉપયોગને લઈ એક વધારાના પોલિંગ ઓફિસરની નિયુકતી પણ કરવામાં આવનાર છે.

તેમણે જણાવ્યું હતું કે આ મશીનો એક સપ્તાહમાં ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર



પ્રાકૃતિક વૈભવ - ગાંધીનગરને અણમોલ પ્રાકૃતિક વારસો મળ્યો છે... ગાંધીનગરના તમામ માર્ગોની આસપાસની બંને બાજુ રંગબેરંગી ફુલોવાળા વૃક્ષોનું વાવેતર થયેલું હોવાથી ગ્રીષ્મમાં લાલ-પીળા, ગુલાબી રંગના ફુલોથી વાતાવરણ અદભૂત નિર્માણ થાય છે... આ જ મજા છે ગાંધીનગરની... જ્યાં સુંદરતા છે, સૌમ્યતા છે અને રંગબેરંગી પુષ્પોની હારમાળા છે.... (તસવીર : દિપક જાની)

# મતદાર જાગૃતિ અભિયાન સઘન બનાવાશે : કલેક્ટર



ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં ૨૦૦૯ની ચૂંટણી કરતા વધુ મતદાન થાય તે માટે તંત્ર શકય તેટલી વધી જનજાગૃતિ લાવવાના તમામ પ્રયાસો કરવા સંકલ્પબદ્ધ છે તેમ જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપે આજે અત્રે જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે મતદાનના સમયમાં બે કલાકનો વધારો કરવાનો નિર્ણય ચૂંટણી પંચે કર્યો છે. આ ઉપરાંત વોટર્સ સ્લીપ પણ ૧૫ એપ્રિલ પછી વિતરણ કરવામાં આવશે.

આ વખતે વોટર્સ સ્લીપ માત્ર એક જ છાપવામાં આવશે અને તેની બીજી નકલ રખાશે નહિ. તેમણે જણાવ્યું હતું કે વોટર્સ સ્લીપના વિતરણ અંગે રોજેરોજ મોનીટરીંગ કરવામાં આવશે. જે સ્લીપોનું વિતરણ નહિ થયું હોય તેવી સ્લીપો બી.એલ.ઓ. મતદાન મથકના હેલ્પ ડેસ્ક પર લઈ બેસશે.

તેમણે જણાવ્યુ હતુ કે મતદારોની જાગૃતિ માટે અનેકવિધ

● અનુસંધાન પાન-૭ પર

# કલોલ, સાણંદ અને વેજલપુર આર્થિક રીતે સંવેદનશીલ મત વિસ્તારો છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ત્રણ વિધાનસભા મતવિસ્તારો આર્થિક રીતે સંવેદનશીલ જણાયા છે. જેમાં કલોલ, વેજલપુર અને સાણંદ વિધાનસભા મતવિસ્તારનો સમાવેશ થાય છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ચાલતી તૈયારીઓની જાણકારી આપવા જિલ્લા કલેક્ટરે આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં આમ જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યું હતું કે આ ચૂંટણીમાં નાણાંકીય ગેરરીતિઓ કરી અને તેનો દુરૂપયોગ થાય નહિ તે માટે પંચે બે ખર્ચ નિયંત્રણના ઓબ્ઝર્વરની નિયુક્તી કરી છે. આ બન્ને અધિકારીઓ આવી ચુક્યા છે અને તેમણે તેમની કામગીરી પણ આરંભી દીધી છે.

ખર્ચ નિરીક્ષક તરીકે નિમાયેલા શ્રી પવનકુમાર ખેતાન અને શ્રી પ્રવિણકુમાર બન્ને ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે રોકાવાના છે.

આ બન્ને નિરીક્ષકો બે-ત્રણ દિવસના રોકાણ બાદ પરત જશે. આ પછી ઉમેદવારોની યાદી આખરી થતાં પરત ફરશે. આ પછી તેઓ પાછા જશે અને પુનઃ મતગણતરી બાદ આવી ઉમેદવારોના ખર્ચ અંગેની ચકાસણી કરી પોતાનો આખરી અહેવાલ પંચને આપશે.

● અનુસંધાન પાન-૭ પર





દબાણ અને ગંદકી - ગાંધીનગરની કુંડળીમાં દબાણ અને ગંદકી કર્મ સ્થાને છે... છાશવારે સર્જાતી સમસ્યાઓમાં ગંદકી અને દબાણ તંત્ર માટે અને નગરજીવન માટે શીરદર્દ છે... સુંદર, નયનરમ્ય નગરમાં લોઢાની મેખની જેમ ખટકે છે અને વિકાસ અટકે છે... સેક્ટર-૨૧માં પાથરણાવાળા અને લારી-ગલ્લાવાળાઓને કારણે મોટા રોકાણ કરી લાખો રૂપિયાનો કારોબાર કરતા વેપારીઓ પરેશાન છે... એમની ફરિયાદમાં વજુદ છે અને આક્રોશ પણ છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# પોસ્ટરના મામલે મધુસુદન મિસ્ત્રીની ધરપકડ : અંતે જામીન

## વડોદરામાં મોદીની સામે મેદાનમાં રહેલા મધુસુદન મિસ્ત્રી અને તેમના કાર્યકરો દ્વારા ભારે હોબાળો : મોદીના પોસ્ટર દૂર કરતી વેળા પોલીસ સાથે ઝપાઝપી

વડોદરા,તા. ૩

લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને ગુજરાતના વડોદરામાંઆજે અભૂતપૂર્વ ઘટનાક્રમ જોવા મળ્યો હતો. પોસ્ટર વોરના ભાગરુપે વડોદરામાંથી કોંગ્રેસના ઉમેદવાર મધુસુદન મિસ્ત્રીની આજે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના પોસ્ટર હટાવવાના મામલામાં ધરપકડ કરી લેવામાં આવી હતી જો કે, મોડેથી તેમને જામીન ઉપર છોડી દેવામાં આવ્યા હતા. મળેલી માહિતી મુજબ વડોદરાના ડાંડિયા બજારમાં જાહેરાત કિયોસ્ક ઉપર પોતાના હરીફ ઉમેદવારના બેનરો ઉપર પોસ્ટર લગાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. મધુસુદન મિસ્ત્રી અને અન્ય પાર્ટી કાર્યકરોની અટકાયત કરી લેવામાં આવી હતી. મિસ્ત્રીને કોંગ્રેસે નરેન્દ્ર મોદી સામે વડદોરામાંથી મેદાનમાં ઉતાર્યા છે. વડોદરાના ડીસીપી દિપાંકર ત્રિવેદીએ માહિતી આપતા કહ્યું હતું કે, મિસ્ત્રી અને અન્ય કોંગ્રેસના કાર્યકરોની તે વખતે ધરપકડ કરી લેવામાં આવી હતી જ્યારે તેઓ માર્ગોના ડિવાઈડરો ઉપર લાગેલા વિજળીના થાંભલા ઉપર જાહેરાતો કિયોસ્ક ઉપર પોતાના બેનર લગાવવાના પ્રયાસ કરી રહ્યા હતા. આ અગાઉ વડોદરામાંથી કોંગ્રેસના ઉમેદવાર રહી ચુકેલા નરેન્દ્ર રાવત, વડોદરા નગરનિગમના નેતા ચંદ્રકાંત કસ્તુરને પણ મિસ્ત્રી અને અન્ય કાર્યકરોની સાથે અટકાયતમાં લઈ લેવામાં આવ્યા હતા. રાવતની

● અનુસંધાન પાન-૭ પર

# અંતે બોખીરીયાને કલીનચીટ

## વર્ષ ૨૦૦૫માં વેપારીની ક્રૂર હત્યા કરાઈ હતી : પોરબંદર ટ્રાયલ કોર્ટ દ્વારા જારી સમન્સ રદ : તમામ ફોજદારી કાર્યવાહી પડતી મુકવાનો આદેશ કરાયો

નવીદિલ્હી,તા. ૩

વર્ષ ૨૦૦૫માં ગુજરાતના



પોરબંદરમાં વેપારી મુળુ મોઢવાડિયાની હત્યાના મામલામાં આરોપી બનાવવામાં આવ્યા બાદ આની સામે ગુજરાતના પ્રધાન બાબુભાઈ બોખીરીયાને રાહત મળી ગઈ છે. મુળુભાઈ મોઢવાડિયાની હત્યાના સંબંધમાં તેમની સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. બોખીરીયાને કલીનચીટ મળતા મોટી રાહત થઈ છે. નરેન્દ્ર મોદી સરકારની મોટી જીત તરીકે આને ગણવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે ગુજરાતના જળ સંશાધન પ્રધાન અને ભાજપના નેતા બાબુભાઈ બોખીરીયાને કલીનચીટ આપી દીધી હતી. જસ્ટિસ સીકે પ્રસાદના નેતૃત્વમાં બેંચે એક આરોપી તરીકે બોખીરીયાને પોરબંદરની ટ્રાયલ કોર્ટ દ્વારા જારી કરવામાંઆવેલા સમન્સને રદ કરી દીધો હતો અને તેમની સામે તમામ ફોજદારી કાર્યવાહીને પડતી મુકી દીધી હતી. ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં ટ્રાયલ કોર્ટે પુરાવાના અભાવે આ કેસમાં અન્ય ૧૦ આરોપીઓને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. બોખીરીયા અને અન્યો સામે ૧૬મી નવેમ્બર ૨૦૦૫ના દિવસે પોરબંદરમાં વેપારી મુળુભાઈ મોઢવાડિયાની હત્યાના સંબંધમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ૨૦૦૮ બાદથી સુપ્રીમ કોર્ટમાં આ કેસમાં આરોપી તરીકે તેમના નામને દૂર કરવાની અરજી પેન્ડિંગ પડેલી હતી. માર્યા ગયેલા પરિવારના સભ્યોએ આક્ષેપ કર્યો હતો કે, બોખીરીયા હત્યામાં માસ્ટરમાઈન્ડ હતા જયારે અન્યોએ આ કેસમાં ભૂમિકા ભજવી હતી.